# બી.પી.ઓ. એક્ઝિક્યુટિવ

બી.પી.ઓ એટલે બિઝનેસ પ્રોસેસ આઉટ સોર્સિંગ. તે વ્યવસાય સંબંધિત વિવિધ કામગીરીઓને, તૃતીય-પક્ષ વિક્રેતાઓ પાસે, પેટા કોન્ટ્રાક્ટ પર કરાવાની એક પદ્ધતિ છે. બી.પી.ઓ. એક્ઝિક્યુટિવ એ સુનિશ્ચિત કરે છે કે બી.પી.ઓ. સેવાઓ ગ્રાહકોની જરૂરિયાતો પૂરી કરે છે. તેઓ વિક્રેતાઓ સાથે વાતચીત કરે છે અને તેમના પ્રશ્નોનું સમાધાન કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે લેખન અને શાબ્દિક એમ બંને પ્રકારનું ભાષાકિય કૌશલ્ય ધરાવો છો
- તમે સારા શ્રોતા છો
- સ્પષ્ટ સૂચનાઓને અનુસરવાનું તમને પસંદ છે




આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ------- થી -------------------*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઇ પણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો. (નોન-ટેક્નિકલ, વૉઇસ આધારિત બી.પી.ઓ. શ્રેણીની નોકરી માટે)

૨. માર્કેટિંગ, કોમર્સ, બેંકિંગ અથવા બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (ટેક્નિકલ નોન-વોઈસ આધારિત બી.પી.ઓ.માં નોકરી માટે)માં સ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

બી.પી.ઓ. એક્ઝિક્યુટિવનું માસિક વેતન **રૂ. ૧૬,૩૬૭ થી ૪૯,૫૮૩*** જેટલું હોય છે.

સ્રોત: https://in.talent.com/salary?- job=bpo executive

## તમે ક્યાં કામ કરશો?

કાર્યસ્થળ : આઈ.ટી., ગ્રાહક સહયોગ, માનવ સંસાધન, બહુ રાષ્ટ્રીય કંપનીઓના તાલીમ અને લોજિસ્ટિક્સ વિભાગો

કાર્યસ્થળનું વાતાવરણ: આ એક ડેસ્ક જોબ છે. શરૂઆતના તબક્કે તમારે કોઈપણ ટીમનું સંચાલન કરવાનું રહેતું નથી. સ્થાનિક મુસાફરી એ તમારી કામગીરીનો ભાગ નથી. તમે શિફ્ટમાં કામ કરશો. તમે અઠવાડિયામાં ૬ દિવસ દરરોજ ૯ થી ૧૦ કલાક કામ કરો તેવી શક્યતા છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

સહયોગી → વિશેષજ્ઞ → ટીમ લીડ મેનેજર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

કૉલ સેન્ટર કસ્ટમર કેર, બી.પી.ઓ. ટેલીકોલર, કસ્ટમર સપોર્ટ એસોસિએટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**યુ.જી.સી. દ્વારા માન્યતા ધરાવતી ભારતની કોઈપણ કોલેજ.**

૧. ગુજરાત યુનિવર્સિટી ગવર્મેન્ટ, અમદાવાદ

૨. એમએસયુ, વડોદરા



**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- mybharat.gov.in
- www.skillindiadigital.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**વીરેન્દ્ર કૈથ** ભારતના સૌથી પ્રખ્યાત ડ્રમર્સમાંના એક છે. તે ૨૦૧૨થી ફ્રીલાન્સિંગ કરી રહ્યા છે. હાલમાં, તેઓ એક મેટલ બેન્ડ, ડેમોનિક રિસરેક્શન અને સ્ક્રાઈબ સાથે સંકળાયેલા છે. તેમનુ એક હિન્દી રોક બેન્ડ પણ છે જેનું નામ સ્પર્શ છે. કૈથે સિદ્ધાર્થ કોલેજ ઓફ કોમર્સ એન્ડ ઈકોનોમિક્સ, મુંબઈમાંથી બી.કોમ.ની ડિગ્રી મેળવી છે. તેણે બી.પી.ઓ. એક્ઝિક્યુટિવ તરીકે તેની કારકિર્દીની શરૂઆત કરી હતી પરંતુ આખરે સંગીતના ક્ષેત્રમાં તેમને પોતાની ઓળખ મળી.*

સ્રોત: https://www.therocktologist.com/interview-with-virendra-kaith.html*

ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.